ખલીફા હારુન અલરશીદ
ના સાહસો

સાચું કે ખોટું?

વાલ બીરો



એ ખલીફા હારુન અલરશીદના બગદાદના માસિક પ્રવાસનો દિવસ હતો, અને જયારે એ શહેરમાં ફરી રહ્યા હતા, તો એની દ્રષ્ટિ એક શાનદાર હવેલી પર પડી જે એણે પહેલા ક્યારેય જોઈ ન હતી. એ અહમદ નામના દોરડા બનાવવાવાળા એક વેપારીની હતી. ખલીફાને આશ્ચર્ય થયું કે આટલો નાનો વ્યવસાય કરવાવાળો એક માણસ આટલું ભવ્ય નવું ઘર કેવી રીતે ખરીદી શકતો હતો.



બીજે દિવસે, ખલીફાએ અહમદને મહેલમાં આમંત્રિત કર્યો અને એને મુક્તપણે બોલવાનું કહ્યું, "હું તારા સૌભાગ્ય પર પ્રસન્ન છું, મને તારી કહાણી સંભળાવ."

અહમદે ખલીફાનો એની રુચિ માટે આભાર માન્યો, અને એની વાર્તા સંભળાવવાનું ચાલુ કર્યું:

મહારાજ, અહમદે કહ્યું, હું મારા સૌભાગ્યનું શ્રેય સાદ અને સાદી નામના બે સજ્જનોને આપું છું. એ સારા મિત્રો હતા, પણ અમીર બનવા વિષે બંનેના અલગ-અલગ વિચાર હતા.

સાદી, જે અમીર હતો, કહેતો હતો કે અમીર બનવા માટે સૌથી પહેલા તમારી પાસે થોડા પૈસા હોવા જોઈએ, પણ સાદનું માનવું હતું કે તમારે બસ થોડી પ્રતિભા અને થોડા નસીબની જરૂરત છે.

અહમદે આગળ કહ્યું, એક દિવસ એમણે મને કામ કરતા જોયો, પણ મારી એ સમયની ગરીબી જોતા, દેખીતી રીતે જાહેર હતું કે મને સફળતા મળી ન હતી. "અહમદ," સાદીએ કહ્યું, "હું મારા મિત્રને એક વાત સાબિત કરવા ચાહું છું. આ 200 સોનાના સિક્કા લે અને સમય આવતા મને જણાવજે કે તેં એનો ઉપયોગ કેવી રીતે કર્યો." અને એ પહેલા કે હું એનો સરખી રીતે આભાર માની શકું, એ ત્યાંથી ચાલ્યા ગયા.





હું, અલબત્ત, બહુ ખુશ હતો. પહેલા મેં દસ સિક્કા કાઢ્યા જેનાથી મારા પરિવાર માટે થોડું માંસ ખરીદ્યું, અને પછી બાકીના 190 સિક્કાને સાવધાનીથી મારી પાઘડીમાં લપેટી લીધા. જો કે, જેવો હું માંસ ઘરે લઈ જઈ રહ્યો હતો, ત્યાં અચાનક...

...શું તમે વિશ્વાસ કરશો, એક વિશાળ ગીધે મારા પર હૂમલો કર્યો, જેને માંસ જોતું હતું. એ વિશાળ પક્ષી સાથે લડવામાં મારી પાઘડી જમીન પર પડી ગઈ. ગીધે માંસ છોડી દીધું, મારી પાઘડી અને એમાં રાખેલા બધા પૈસા છીનવી લીધા, અને ઉડી ગયું!

મહારાજ, તમે કલ્પના કરી શકો છો, અહમદે આગળ કહ્યું, કે આટલા બધા પૈસા ખોઈને અને એને એક ગીધ દ્વારા ચોરાઈ જવાને લીધે હું કેટલો દુ:ખી હતો! એ સિવાય, હવે મારે એક નવી પાઘડી ખરીદવાની હતી, જે હું ખરીદી શકતો ન હતો. ઓછામાં ઓછું મારી પાસે હજી સોનાના નવ સિક્કા બચ્યા હતા, જે થોડા સમય માટે તો કામ આવત, પણ ખર્ચાઈ ગયા પછી અમે ફરી કંગાળ થઈ જાત.

મારી પત્ની રડવા સિવાય કંઈ કરી શકતી ન હતી, અને હું પોતે ચિંતિત હતો કે જ્યારે અમે પાછા મળીયે ત્યારે હું સાદીને શું કહીશ.



લગભગ છ મહિના પછી એ દિવસ આવ્યો. સાદીએ જોયું કે મેં હજી ચીંથરેહાલ કપડાં પહેર્યા હતા, બસ મારી પાઘડી નવી હતી.

જ્યારે મેં એને ગીધ વિષે જણાવ્યું, તો એણે કહ્યું કે એ કહાણી ખોટી છે, અને મારા આળસુપણા માટેનું બહાનું છે. જોકે, સાદ એના મિત્રને એ ભરોસો આપવામાં સફળ રહ્યો કે મેં સાચું કહ્યું હતું, એટલે

સાદીએ મને 200 સોનાના સિક્કાની બીજી એક થેલી આપી. "આ વખતે એને તારી પાઘડીથી વધારે સુરક્ષિત જગ્યા પર રાખજે અને સમજદારીથી એનો ઉપયોગ કરજે."

હું સાદીનો બહુ આભારી હતો અને મેં સોનાના દસ સિક્કા કાઢીને, બાકીના એક જૂના માટીના વાસણમાં છુપાવવાનો ફેંસલો કર્યો, જે અમારા ચૂલા પાસે હતું, અને જે અડધું ભૂંસાથી ભરેલું હતું. મેં વિચાર્યું કે એ સુરક્ષિત રહેશે, કારણકે કોઈને ખબર નહીં પડે. એ વિષે મેં મારી પત્નીને પણ જણાવ્યું નહીં.

પછી હું મારા કામ માટે થોડા શણના રેસા અને રાતના ભોજન માટે થોડું ખાવાનું લેવા બહાર ગયો.

જ્યારે હું બહાર હતો, મારી પત્નીએ ગલીમાં એક ફેરીવાળાનો અવાજ સાંભળ્યો. એને સફાઈ કામ માટે ઘસવાની રેતીની જરૂર હતી, એટલે એણે દરવાજો ખોલ્યો. પણ કેમકે એની પાસે પૈસા ન હતા, એટલે એણે વેપારીને પૂછ્યું કે શું એ જૂના વાસણમાં રાખેલા થોડા ભૂંસાને બદલે થોડી રેતી આપશે. એ માની ગયો અને એણે એક કટોરામાં થોડી રેતી આપી દીધી, અને ભૂંસા સહિત વાસણ - અને અલબત્ત, એની નીચે છુપાવેલા સોનાના સિક્કા - પોતાની સાથે લઈ ગયો.



મહારાજ, અહમદે આગળ કહ્યું, હું જણાવી નથી શકતો કે આ બીજી મુશ્કેલીને લીધે મને કેટલો ગુસ્સો આવ્યો, અથવા એમ કહું કે મારી પત્ની એની બેદરકારી પર ચોધાર આંસુએ કેટલી રડી. આખરે અમે એક-બીજાને એમ કહીને દિલાસો આપ્યો કે અમારે બધું સોનુ ખોવાની વાત ભૂલીને અમારા સારા નસીબથી રાજી થવું જોઈએ.

એનાથી અમને બહુ સારું લાગ્યું, પણ એક જ વાત હતી: બીજી વખત જયારે અમે મળીયે, તો હું સાદી સાથે આંખ કેવી રીતે મિલાવી શકીશ?

આખરે જયારે અમે મળ્યા, ત્યારે મને બહુ શરમ આવી જયારે મેં એને ભૂંસું ભરેલા વાસણ અને રેતી વિષે જણાવ્યું, પણ સાદીએ ફક્ત નિસાસો નાખ્યો. "મને 400 સોનાના સિક્કા ખોવાથી કોઈ ફરક નથી પડતો," એણે સાદ તરફ ફરીને કહ્યું, "પણ હું હાર માનું છું. હવે તારો વારો છે કે તું સાબિત કર કે એક ગરીબ માણસનું નસીબ બદલવાના બીજા પણ રસ્તા છે."

એટલે સાદે મને એક સીસાનો ટુકડો બતાવતા કહ્યું, "આ મને હમણાં ગટરમાંથી મળ્યો છે. આ લઈ લે, અહમદ, અને જો કે એનાથી તને કંઈ ફાયદો થાય છે કે નહીં."

હું એને ઘરે લઈ આવ્યો અને એના વિષે આગળ કંઈ વિચાર્યું નહીં. ત્યાં એક સાંજે મારો એક માછીમાર પાડોશી એ પૂછવા આવ્યો કે શું મારી પાસે એની જાળમાં વજન નાખવા માટે થોડું સીસું હતું. "એના વગર હું આજે રાતે માછલી પકડવા નહીં જઈ શકું," એણે કહ્યું.

મેં ખુશી-ખુશી એને સાદનો સીસાનો ટુકડો આપી દીધો, અને મારા પાડોશીએ આભાર માનવા એની જાળમાં પકડાયેલી પહેલી માછલી આપવાનો વાયદો કર્યો.

બીજે દિવસે એ મારે માટે એક માછલી લઈ આવ્યો. એ એની પહેલી કોશિશમાં એક જ માછલી હતી, પણ એ મોટી હતી.

એ સાંજે જયારે મારી પત્નીએ એને કાપી, તો એને એમાં એક મોટો, ચમકતો હીરો મળ્યો, જેને એણે - બીજું કંઈ ન જાણતા - કાંચનો ટૂકડો માની લીધો.

એણે એ બાળકોને રમવા માટે આપી દીધો, અને એ એટલો ચમકીલો હતો કે બાળકો એને પકડવા માટે અંદર-અંદર ઝગડવા લાગ્યા, જેનાથી એટલો ઘોંઘાટ થયો કે પાડોશીઓને ખલેલ પહોંચી.

સડકની બીજી બાજુ રહેતા એક અમીર ઝવેરીની પત્ની ફરિયાદ કરવા આવી. મારી પત્નીએ માફી માંગી અને એને એ કાંચનો ટૂકડો દેખાડયો જેને લીધે બધો શોરબકોર થઈ રહ્યો હતો. મહિલા તરત ઓળખી ગઈ કે એ હીરો હતો, પણ એણે એવું કહ્યું નહીં. એણે કહ્યું કે એ એટલો સુંદર છે કે એ એને ત્રીસ કે ચાલીસ સોનાના સિક્કામાં ખરીદવા ચાહશે. ઘરે પહોંચતા મેં આ સાંભળ્યું અને મને લાગ્યું કે એ જરૂર કોઈ કિંમતી હીરો હશે.



"કૃપા કરીને તમારા પતિને કહો," મેં કહ્યું, "કે એની કિંમત એક લાખ સોનાના સિક્કા છે." મેં વિચાર્યું, "તમારા નસીબની કોને ખબર."

બીજે દિવસે જયારે ઝવેરી પોતે આવ્યો, તો એણે મૌન પ્રશંસા સાથે હીરાને જોયો, પણ તો પણ, એ સોદાબાજી કરવા ચાહતો હતો. મેં એને કહ્યું કે હું મારી કિંમત પર અડગ છું, અને નહીં તો હું એને કોઈ બીજા ઝવેરીને વેચી દઈશ.

"નહીં, નહીં!" એણે બૂમ પાડી, અને થોડા સમયમાં એ એક મોટી ઠેલણગાડી ધકેલતો પાછો આવ્યો, જેમાં થેલીમાં ભરેલા સોનાના એક લાખ સિક્કા હતા.



મેં એને હીરો આપી દીધો, અને હું મારા સૌથી મોટા સ્વપ્નાથી પણ વધારે અમીર થઈ ગયો.

મહારાજ, અહમદે આગળ કહ્યું, મારે સાદ અને સાદી પાસે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવા જવું હતું, પણ એ ક્યાં રહેતા હતા એ મને ખબર ન હતી.

એને બદલે, મેં મારુ ભવિષ્ય બનાવવાનું શરુ કર્યું. મેં મારા બધા દોરડા બનાવવાવાળા મિત્રોને કહ્યું કે હવે એ મારે માટે કામ કરે અને અને મેં એને મજૂરીની રકમ પેશગી તરીકે (અગાઉથી) આપી દીધી. પછી મેં બગદાદમાં સુતળી અને તૈયાર દોરડા રાખવા માટે ગોદામ ભાડે લીધા, જે અમે મોટી માત્રામાં બનાવતા હતા અને નફો કરીને વેંચતા હતા.

પછી મેં એ હવેલી બનાવી જે મહારાજે કાલે જોઈ હતી, મારા કામગારોને રહેવા માટે અને મારો સામાન રાખવા માટે, અને મારા પરિવાર માટે એક અનેક ઓરડીઓવાળી સગવડવાળી જગ્યા પણ બનાવી.

અને ત્યારે એક દિવસ હું સાદ અને સાદીને મળ્યો, જયારે એ લોકો એ ભવ્ય ઘરને જોવા આવ્યા હતા જેના વિષે એણે સાંભળ્યું હતું, જે દોરડા બનાવવાવાળા વેપારી અહમદનું હતું.

મેં મારા પરોપકાર કરનારાઓનું કૃતજ્ઞતા અને ખુલા મનથી સ્વાગત કર્યું, અને એને મારી કહાણી સંભળાવી.

એ મારા સૌભાગ્ય વિષે જાણીને બહુ ખુશ થયા, જોકે સાદી હજી એ સમજી શક્યા ન હતા કે હું મારી પાઘડી અને ભૂંસાના વાસણના ખોવાઈ જવા વિષે ખોટું કેમ બોલ્યો હતો - જેમ એ લોકોએ વિચાર્યું હતું. પણ સાદે મારી દરેક વાત પર વિશ્વાસ કર્યો.

અલબત્ત, મેં સરસ ભોજન, મધુર સંગીત અને વાતચીતથી એનું ભરપૂર સ્વાગત કર્યું. "મારા મિત્રો," મેં કહ્યું, "તમે રાતે અહીં કેમ રહી જતા નથી, અને સવારે આપણે નદીને કિનારે આવેલા મારા ગામડાના ઘરને જોવા જઈશું."

એ ખુશી-ખુશી માની ગયા.

અમે મારી નાવમાં સવાર થઈને સુંદર દ્રશ્યો જોતા પસાર થયા, અને જયારે અમે પહોંચ્યા, તો મારા મહેમાન મારા ઘર અને બગીચાથી, અને મારી પત્ની અને મારા બાળકોને મળીને બહુ પ્રભાવિત થયા.

બપોરના ભોજન પછી, જયારે અમે વરંડામાં આરામ કરી રહ્યા હતા, ત્યારે મારો મોટો દીકરો દોડીને અંદર આવ્યો. "પિતાજી, આ અજબ માળાને જુઓ જે મને એ ઝાડ પર મળ્યો છે જ્યાં ગીધ બેસે છે."

મહારાજ, અહમદે સમજાવ્યું, એ કોઈ માળો ન હતો, પણ મારી જૂની પાઘડી હતી - એ જ પાઘડી જે ગીધ ચોરીને લઈ ગયું હતું, અને એથી પણ વધારે, અમને 190 સોનાના સિક્કા પણ પાઘડીના વળમાં મળ્યા!

સાદીએ મારી વાતો પર શક કરવા માટે તરત માફી માંગી, પણ એણે સ્વીકાર કર્યો કે એને મારા ભૂસાંની વાત પર હજી ભરોસો ન હતો.

જે હોય તે, એ સાંજે જયારે અમે બગદાદ પહોંચ્યા, તો અમે જોયું કે અમારા ઘોડા માટે ભૂસું ખલાસ થઈ ગયું હતું. અનાજના ભંડાર બંધ હતા, અને અમારા નોકરને ભંગારવાળાની દુકાનેથી બસ એક જૂના માટીના વાસણમાં થોડું ભૂસું જ મળ્યું.



માનો કે ન માનો, અહમદે એની વાર્તા પૂરી કરતા કહ્યું, એ મારુ જૂનું વાસણ હતું! અને 190 સોનાના સિક્કા હજી ત્યાં, ભૂસાંની નીચે છુપાયેલા હતા.

ખલીફાએ અહમદનો એની સૌથી મનોરંજક વાર્તા માટે આભાર માન્યો. "શું તું ભરોસો કરીશ કે ઝવેરી પાસેથી એ શાનદાર હીરો મેં જ ખરીદ્યો હતો!" એણે સ્મિત કર્યું અને પછી એણે એક પળ માટે વિચાર્યું. "જો તું મને તારી જૂની પાઘડી અને માટીનું ભૂસાંવાળું વાસણ આપીશ, તો હું એ બધાને મારા મહેલમાં એક સાથે પ્રદર્શિત કરીશ, જેથી બધા તારી કહાણીનો આનંદ લઈ શકે અને એમાંથી કંઈ શીખી શકે."

અહમદ ખુશી-ખુશી માની ગયો.



જ્યાં સુધી સાદીની વાત છે, એ આખરે સમજી ગયો કે અહમદ શરૂઆતથી જ સાચું કહી રહ્યો હતો, પછી ભલે એ ગમે તેટલું આશ્ચર્યજનક અને અનપેક્ષિત લાગતું હોય.

સમાપ્ત